General Medical Council

# જો તમારા ડૉક્ટર તમારા બાળકની સુરક્ષા માટે ચિંતિત હોય તો શેની અપેક્ષા રાખવી

**જો ડોક્ટરને બાળક કે કોઈ યુવાન વ્યક્તિ દુરુપયોગ કે અવગણનાના જોખમમાં હોવાનું લાગે તો, તે બાળક કે યુવાન વ્યક્તિની સુરક્ષા માટે પગલાં લેવા આવશ્યક છે. આવું થાય તે ઘટના પરિવાર માટે ખૂબ ચિંતા ઉપજાવનારી અને તણાવદાયક હોય છે અને માતાપિતાને વારંવાર તેમના ડૉક્ટર શું કરશે અને શું નહીં કરે તે અંગે પ્રશ્નો હોઈ શકે છે. આ લીફલેટ આ પ્રશ્નોના જવાબ આપવામાં મદદ કરશે.**

તમને બીજા પણ પ્રશ્નો હોઈ શકે છે જે અહીં આવરેલા નથી, આથી આ લીફલેટને અંતે માર્ગદર્શન અને સહાયના અન્ય સ્ત્રોતો સૂચવેલા છે.

## જો ડોક્ટરને લાગે કે મારા બાળકની સુરક્ષા જોખમમાં છે તો તેઓ શું કરશે?

તેમના પગલાં પરિસ્થિતિ પર આધાર રાખે છે. જ્યાં શક્ય હોય ત્યાં, તમારા ડૉક્ટર બાળકને જરૂરી સંભાળ અને સહાય મળે છે કે નહીં તેની ખાતરી કરવા માટે તમારી સાથે કામ કરશે.

જો ડોક્ટરને ખાતરી ન હોય કે બાળ સુરક્ષા એજન્સી પાસે મુદ્દો ઉઠાવવો કે નહીં, તેઓ સહાય અને સલાહ માટે અનુભવી સહકર્મચારી (જેમકે ડૉક્ટર કે નર્સ)ને પૂછશે.   જો શક્ય હોય તો, તમને કે તમારા બાળકને ઓળખ્યા વગર તેઓ આમ કરશે.

જ્યારે ડોક્ટરને ચિંતા હોય કે તમારા બાળકને જોખમ છે, કે પીડામાં છે કે તે દુરુપયોગ કે અવગણનાનો ભોગ બન્યા છે તો તેમણે લોકલ ઓથોરિટી ચીલ્ડ્રન્સ સર્વિસ અથવા એનએસપીસીસી જેવી બાળકોની સુરક્ષા માટે જવાબદાર એજન્સીને જણાવવું જ જોઈએ.

## કોઈપણ પગલું લેતા પહેલાં શું ડૉક્ટર મારી સાથે વાત કરશે?

જો તમારા બાળકની સુરક્ષા માટે તેમને ચિંતા હોય તો તમારા ડૉક્ટર સામાન્ય રીતે તમને જણાવશે અને આ ચિંતાઓના સમાધાન માટે તેઓ શું પગલાં લેશે તે પણ જણાવશે. જો તમને લાગે કે તમારા બાળકને ઇજાનું જોખમ વધે તેવા કિસ્સામાં જ તેઓ તમને નહીં જણાવે.

તમને પ્રશ્નો પૂછવાની તક મળશે અને તમારા પ્રશ્નોનો મુક્તમને અને પ્રામાણિકતાથી જવાબ આપવામાં આવશે.   ઈજાના સંભવિત કારણ અથવા દુરુપયોગ કે અવગણના સૂચવે તેવા અન્ય સંકેત વિશે ડોક્ટરે મુક્ત મન રાખીને સાંભળવું જરૂરી છે.

## શું ડૉક્ટર તેમની ચિંતાઓ વિશે મારા બાળક સાથે ચર્ચા કરશે?

તમારા બાળકની વય અને પુખ્તતાને ધ્યાનમાં લઈને તમારા ડોક્ટરે સીધા જ તમારા બાળક સાથે ચર્ચા કરવી જોઈએ અને તેમની વાત સાંભળવી જોઈએ. નિર્ણય લેતી વખતે તેમણે તમારા બાળકના વિચારો હંમેશા ધ્યાનમાં લેવા જોઈએ. તમારું બાળક તમારી ગેરહાજરીમાં ડૉક્ટર સાથે વાત કરી શકે છે જો તેમનાથી તેને પોતાની સમસ્યાઓ અંગે  વાત કરવામાં મદદ મળતી હોય.

## તેમની ચિંતાઓ અંગે અન્ય સાથે ચર્ચા કરતી વખતે ડોક્ટરને મારી સંમતિની જરૂર છે?

તમારા કે તમારા બાળક વિશેની કોઈપણ જાણકારી તેમની હેલ્થકેર ટીમ સિવાયની કોઈપણ વ્યક્તિ સાથે ચર્ચતા પહેલાં ડોક્ટરને સામાન્ય રીતે તમારી મંજૂરીની જરૂર પડશે. આમ ન કરવા પાછળ કોઈ મજબૂત કારણ ન હોય ત્યાં સુધી તેઓ આમ જ કરશે – જેમ કે, ડોક્ટરને લાગે તે આમ કરવાથી તમારા બાળકને જોખમ વધતું હોય. આવી સ્થિતિમાં, ડૉક્ટર પહેલાં તમારી સંમતિ લીધા વગર જાણકારીની ચર્ચા કરી શકે છે.

જો તમારા બાળકમાં પુખ્તતા અને નિર્ણય લેવાની સમજણ હોય તો તેઓ તમારા ડોક્ટરને જાણકારી અન્ય સાથે વહેંચવાની સંમતિ આપી શકે છે. જો આમ ન હોય તો, તમને તમારા અને તમારા બાળક માટે સંમતિ આપવાનું કહેવામાં આવશે.

સંમતિ માટે પૂછતી વખતે, કઈ જાણકારી તેઓ વહેંચવા ઈચ્છે છે, કોની સાથે અને શા માટે વહેંચવા ઈચ્છે છે અને જાણકારીનો ઉપયોગ કેવી રીતે કરવામાં આવશે તે સમજાવશે.

## મારું બાળક સંમતિ આપવાની ના પાડે તો શું થશે?

સંમતિ આપવાની શા માટે ના પાડવામાં આવી છે તેના કારણો ડૉક્ટર ધ્યાનમાં લેશે. જાણકારી ન વહેંચવાથી તમારા બાળકને થનાર સંભવિત જોખમ વિશે પણ ડૉક્ટર વિચારશે.

જો તમારા ડોક્ટરને લાગે કે તમારા બાળકને નોંધપાત્ર હાનિનું જોખમ છે, તો તેઓ બાળકોની સુરક્ષા માટે જવાબદાર લોકો સાથે જાણકારી વહેંચશે અને આવું શા માટે કર્યું તે વિશે તમને સમજાવશે.

## શું ડોક્ટરે ગુપ્તતાનો આદર ન કરવો જોઈએ?

બાળકો અને યુવાન વ્યક્તિઓ અને તેમના પરિવારોને ગુપ્ત તબીબી સંભાળ અને સલાહ મેળવવાનો અધિકાર છે. પરંતુ કેટલીકવાર ડોક્ટરોએ બાળકો અને યુવાન વ્યક્તિઓને દુરુપયોગ કે અવગણનાથી બચાવવા માટે અન્ય સાથે જાણકારી વહેંચવી પડે છે.

## વધુ સહાય અને સલાહ માટે હું ક્યાં જઈ શકું છું?

એનએસપીસીસી બાળકો અને યુવાન વ્યક્તિઓ માટે અભિયાન ચલાવતી રાષ્ટ્રીય સખાવતી સંસ્થા છે. એનએસપીસીસી હેલ્પલાઈન ધરાવે છે જેમાં બાળકો અને પુખ્તો સલાહ અને સહાય માટે કોલ કરી શકે છે. બાળકો અને યુવાન વ્યક્તિઓ 0800 111 પર ચાઈલ્ડલાઈનનો સંપર્ક કરી શકે છે. પુખ્તો સહાય અને સલાહ માટે 0808 800 5000 પર સંપર્ક કરી શકે છે.

**www.nspcc.org.uk**

**ફેમિલી રાઈટ્સ ગ્રુપ** (એફઆરજી) જે પરિવારોના બાળકો સ્થાનિક ઓથોરિટીઝ ચીલ્ડ્રન્સ સર્વિસ સાથે સંકળાયેલા હોય તેમને નિઃશુલ્ક ગુપ્ત સલાહ અને સહાય આપે છે પરિવારો તેમની એડવાઈઝ સર્વિસને નિઃશુલ્ક 0808 801 0366 પર ફઓન કરી શકે છે અથવા advice@frg.org.uk પર મેઈલ કરી શકે છે. એફઆરજી તેમ ની વેબસાઈટ પર નિઃશુલ્ક એડવાઈઝ શીટની શ્રેણી ધરાવે છે.

**www.frg.org.uk**

**કોરમ ચીલ્ડ્રન્સ લીગલ સેન્ટર** (સીસીએલસી) બાળકો, યુવાન વ્યક્તિઓ અને તેમના પરિવારો અને માવજતકારો અને વ્યવસાયિકોને નિઃશુલ્ક કાયદાકીય જાણખારી, સલાહ અને પ્રતિનિધિત્વ આપે છે. પરિવારો બાળ કાયદા, પરિવાર કાયદા અને શૈક્ષણિક કાયદા પર કાનૂની સલાહ માટે 08088 020 008 પર તેની એડવાઈઝ સેવાને નિઃશુલ્ક કોલ કરી શકે છે.

**www.childrenslegalcentre.com**

**સીટીઝન્સ** એડવાઈઝ સ્વતંત્ર સંસ્થા છે જે દરેક વ્યક્તિને દરેક મુદ્દા પર મફત, ગુપ્ત અને તટસ્થ સલાહ આપે છે. તેની વેબસાઈટ પર પણ સલાહ અને જાણકારી ઉપલબ્ધ છે.

**www.citizensadvice.org.uk**

**ફેમિલી લાઈવ્સ** કૌટુંબિક જીવનના દરેક મુદ્દા પર સલાહ અને સહાય પૂરી પાડતી રાષ્ટ્રીય સખાવતી સંસ્થા છે. તેઓ પેરેન્ટલાઈન નામક ગુપ્ત સેવા ધરાવે છે (0808 800 2222) જેમાં માતાપિતા પેરેન્ટિંગ અને પારિવારીક જીવનના કોઈપણ મુદ્દા પર જાણકારી, સલાહ, માર્ગદર્શન અને સહાય માટે કોઈપણ લેન્ડલાઈન અને મોટા ભાગના લેન્ડલાઈન પરથી મફત ફોન કરી શકે છે.

**www.familylives.org.uk**

**હોમ સ્ટાર્ટ યુકે** રાષ્ટ્રીયસ્તરની સખાવતી સંસ્થા છે જે સ્વયંસેવકોના માળખા દ્વારા બાળકો અને પરિવારોને સહાય કરે છે.

**www.home-start.org.uk**

**ફેમિલી એક્શન** સખાવતી સંસ્થા છે જે અસક્ષમ અને સામાજીક રીતે એકલવાયું જીવન ગાળતા પરિવારોને વ્યવહારુ, ભાવનાત્મક અને નાણાંકીય સહાય પૂરી પાડે છે.

**www.family-action.org.uk**

**વિક્ટોરિયા ક્લીમ્બી ફાઉન્ડેશન** બાળકોની સામાજીક સંભાળ, ખાસ કરીને સાંસ્કૃતિક અને શ્રદ્ધાના મુદ્દે સંકળાયેલા પરિવારો, બાળકો, યુવાન વ્યક્તિઓને મફત સ્વતંત્ર સલાહ અને વિશિષ્ટ સહાય પૂરી પાડે છે.

**www.vcf-uk.org**



© General Medical Council | The GMC is a charity registered in England and Wales (1089278) and Scotland (SC037750)
Code: GMC/WEDWCS-GUJ/1014